પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News


RNI NO:- 67073/97
Whatsapp No.9712880678

વર્ષ:૨૪, અંક:૨૧૭, કુલ પાના:૪, તારીખ: ૦૮-૦૫-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 217 PRICE :-RS. 1.50 DATE : 08-05-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ગોવામાં પોઝિટિવિટી દર ૪૧ ટકા, બંગાળમાં એક દિવસમાં ૧૧૭ અને મહારાષ્ટ્રમાં ૮૫૩ મોત

## કોરોનાએ તમામ રેકોર્ડ તોડ્યા, ત્રીજી વખત નવા કેસ ૪ લાખને પાર



ન્યુ દિલ્હી,

કોરોના વાયરસના કારણે દેશમાં દરરોજ નવા નવા રેકોર્ડ બની રહ્યા છે. ગુરૂવારે ભારતમાં કોરોનાના રેકોર્ડ સમાન નવા કેસ નોંધાયા હતા. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪,૧૪,૪૩૩ નવા કેસ સામે આવ્યા હતા અને ૩,૯૨૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. એક જ દિવસમાં કોરોનાના નવા કેસનો આંકડો ૪.૧૪ લાખને પાર કરી ગયો હોય તેવું પહેલી વખત બન્યું છે. જ્યારે ત્રીજી વખત દેશમાં કોરોનાના નવા કેસએ ૪ લાખનો આંકડો પાર કર્યો છે.

અગાઉ બુધવારે દેશમાં કોરોનાના ૪,૧૨,૬૧૮ નવા કેસ સામે આવ્યા હતા જ્યારે ૩૦ એપ્રિલના રોજ ૪,૦૨,૩૫૧ નવા કેસ નોંધાયા હતા. સતત વધી રહેલા કોરોના કેસ વચ્ચે આ મહામારીની સંભવિત ત્રીજી લહેરને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની તૈયારીઓ સામે સવાલ ઉઠાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે જો ત્રીજી લહેરમાં બાળકો કોરોનાથી સંક્રમિત થશે તો સરકાર પાસે તેમની સારવાર માટે શું પ્લાન છે તેવો સવાલ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે પુછ્યું હતું કે, જો બાળકો સંક્રમિત થશે તો શું માતા-પિતા હોસ્પિટલમાં રહેશે. સાથે જ સુપ્રીમ કોર્ટે શું નવા ગ્રેજ્યુએટ ડોક્ટર અને નર્સને ત્રીજી લહેર દરમિયાન સેવામાં લઈ શકાય તેવો સવાલ પણ કર્યો હતો.

મહારાષ્ટ્રમાં કોરોનાના કેસમાં ફરી એક વખત વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં કોરોનાના ૬૨,૧૯૪ નવા કેસ સામે આવ્યા છે. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં કોરોનાનો મૃતકઆંક પણ ચિંતાજનક બન્યો છે. પ્રદેશમાં એક જ દિવસમાં ૮૫૩ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. રાજધાની મુંબઈમાં ૨૪ કલાકમાં કોરોનાના ૩,૦૫૬ નવા કેસ સામે આવ્યા હતા અને ૬૯ લોકો મૃત્યુ પામ્યા હતા.

પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં સંપન્ન થયેલી વિધાનસભાની ચૂંટણી બાદ ભારે ગંભીર પરિણામો બહાર આવી રહ્યા છે અને બેફામ ગતિથી સાથે વાઈરસ ફેલાઈ રહ્યો છે અને દરરોજ હજારોની સંખ્યામાં નવા કેસ બહાર આવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં બંગાળમાં ૧૧૭ લોકોના મૃત્યુ થઈ ગયા છે.

બંગાળમાં દરરોજ હજારોની સંખ્યામાં નવા કેસ બહાર આવી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પ્રતિબંધાત્મક આદેશો લગાવી દીધા છે પરંતુ રાજ્યમાં કોરોના ફેલાવવાની પાછળ માત્ર અને માત્ર રાજકીય પક્ષો જવાબદાર રહ્યા છે.

હિમાચલ પ્રદેશમાં પણ દરરોજ ભારે પતિ સાથે નવા કેસ બહાર આવી રહ્યા છે અને આજથી સમગ્ર રાજ્યમાં કોરોના કર્ફ્યુનો અમલ શરૂ થઈ ગયો છે અને માસ્ક નહિ પહેરવા બદલ મોટી રકમ ના દંડ કરવામાં આવી રહ્યા છે.

## સંપૂર્ણ રસીકરણ સિવાય દુનિયા માંથી ક્યારેય ખત્મ નહીં થાય કોરોના

ન્યુ દિલ્હી,

ગત વર્ષે આપણે વિચારી રહ્યા હતા કે કેટલાક સમય બાદ કોરોના વાયરસથી ઉત્પન્ન થયેલી મહામારી સમાપ્ત થઈ જશે અને પછી અમારું જીવન સામાન્ય થઈ જશે, પરંતુ આ વિચાર નિશ્ચિત રીતે ખોટો સાબિત થયો છે. આ ફ્લૂની માફક જ નુકસાનકારક થશે, પરંતુ તેનાથી વધારે ખરાબ થશે. અને જો આ ધીરેધીરે ખત્મ થઈ ગયો તો આપણું જીવન અને રોજિંદી જિંદગી ત્યાં સુધી સંપૂર્ણ બદલાઈ ચુકી હશે. ત્યારે જીવનના ફરીથી પાટા પર આવવાનો વિકલ્પ ખત્મ થઈ ગયો હશે અને ફક્ત આગળ વધવાનું હશે, પરંતુ પ્રશ્ન છે કે વાસ્તવમાં શું થશે?

એ સમાન્ય વાત છે કે વસ્તી જો એકવાર હર્ડ ઈમ્યુનિટી એટલે કે બીમારીથી લડવાની ક્ષમતા મેળવી લે છે તો મહામારી ખત્મ થઈ જાય છે અને મોટાભાગના લોકોમાં રોગપ્રતિકારક શક્તિ વિકસિત થઈ ચુકી હોય છે. આવામાં સંક્રામક બીમારીને ફેલાવાની શક્યતા નહીવત થઈ જાય છે. આ પ્રતિરોધક ક્ષમતા તેમનામાં વિકસિત થાય છે જે સંક્રમણથી ઉભરી ચુક્યા છે. રસીકરણ બાદ તેમનામાં પ્રાકૃતિક રીતે હર્ડ ઈમ્યુનિટી પણ વિકસિત થઈ ચુકી હોય છે. દુનિયાભરમાં આ એક ક્રમ છે જે મહામારીથી બહાર નીકળવા દરમિયાન જોવા મળે છે.

પરંતુ કોરોનાના મામલે તાજેતરનો ઘટનાક્રમ દર્શાવે છે કે કદાચ કોવિડ-૧૯થી લડવા માટે આપણે ક્યારેય હર્ડ ઈમ્યુનિટી ના મેળવી શકીએ. ત્યાં સુધી કે અમેરિકામાં જ્યાં સૌથી વધારે સંક્રમણના કેસો સામે આવ્યા અને જ્યાં દુનિયાના અન્ય દેશોની સરખામણીએ સૌથી ઝડપી વેક્સિનેશન થઈ રહ્યું છે, ત્યાં પણ આ શક્ય નથી થઈ રહ્યું. યૂનિવર્સિટી ઑફ વૉશિંગ્ટનના ક્રિસ્ટોફર મૂર્રે અને લંડન સ્કૂલ ઑફ હાઈજીન એન્ડ ટ્રોપિકલ મેડિસિનના પીટર પિયોટે પોતાના વિશ્લેષણમાં આ શોધ્યું.

એક રિપોર્ટ પ્રમાણે જે નવા વેરિએન્ટ્સ મળ્યા છે તેમનું વલણ બિલકુલ નવા વાયરસની માફક છે. દક્ષિણ આફ્રિકામાં એક ગ્રુપ પર ક્લિનિકલ ટ્રાયલ દરમિયાન જોવા મળ્યું કે તે પહેલા એક સ્ટ્રેનથી સંક્રમિત હતા, પરંતુ બાદમાં તેમનામાં તેના મ્યૂટેંટથી લડવાને લઈને હર્ડ ઈમ્યુનિટી અથવા રોગ પ્રતિકારક શક્તિ વિકસિત ના થઈ અને તેઓ ફરી સંક્રમિત થઈ ગયા. બ્રાઝિલના કેટલાક ભાગોથી આ પ્રકારના રિપોર્ટ મળ્યા, જ્યાં કોરોનાનો પ્રકોપ હતો અને બાદમાં તેમણે નવેસરથી મહામારીનો સામનો કરવો પડ્યો. આથી વર્તમાન સંક્રમણથી બચવાનો એક માત્ર ઉપાય સંપૂર્ણ રસીકરણ છે.

## રાજ્યમાંમાં ગાજવીજ સાથે ૭થી ૧૪મીમે વચ્ચે વરસાદની આગાહી



ગાંધીનગર,

સતત બે વર્ષથી રાજ્યમાં ચોમાસા દરમિયાન સામાન્ય કરતા ૩૦થી ૩૫ ટકા વધુ વરસાદ નોંધાયા બાદ ચાલૂ વર્ષે ફરીએક વાર રાજ્યમાં વરસાદ સામાન્ય રહેવાની શક્યતા છે. એટલે કે આ વર્ષે રાજ્યમાં ૮૦૦ મિલીમીટરથી લઈ ૧૦૦૦ મિલીમીટર વચ્ચે વરસાદ નોંધાય તેવી શક્યતા છે.

હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે આગામી ૭થી ૧૪મીમે વચ્ચે વરસાદ પડવાની શક્યતા છે. ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. પ્રિ-મોન્સુન એક્ટિવિટીના ભાગરૂપે વરસાદ પડવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર મધ્યમાં વરસી શકે છે વરસાદ.

હવામાન એક્સપર્ટના જણાવ્યા મુજબ આ વર્ષે ૨૬થી ૨૯ મે વચ્ચે કેરળમાં ચોમાસુ સક્રિય થવાની શક્યતા છે. કેરળમાં ચોમાસુ સક્રિય થયા બાદ લગભગ એક અઠવાડિયા પછી ગુજરાતમાં પ્રીમોન્સુન એક્ટિવીટી શરૂ થાય છે અને ૧૫ જૂન સુધી ચોમાસુ શરૂ થતું હોય છે. આ વર્ષે પણ નિર્ધારિત સમય મુજબ જ રાજ્યમાં ૧૫ જૂનની આસપાસ વરસાદ શરૂ થવાની સાથે અમદાવાદમાં ૨૦થી ૨૫ જૂન વચ્ચે ચોમાસુ શરૂ થવાની શક્યતા છે.

ઉત્તર ગુજરાતમાં સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ તેમજ પ્રિ-મોન્સુન એક્ટિવિટીના ભાગરૂપે શનિવાર અને રવિવારે દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ગાજવીજ પવન સાથે વરસાદી ઝાપટાં પડે તેવી શક્યતા છે. આ સમય દરમિયાન ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની સાથે દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી તેમજ સૌરાષ્ટ્રમાં જૂનાગઢ અને અમરેલી ખાતે વરસાદ નોંધાઈ શકે છે. હાલ સુકા ગરમ પવનને કારણે ગુરુવારે રાજ્યમાં સૌથી વધુ ગરમી અમદાવાદ અને ગાંધીનગરમાં નોંધાઈ હતી જ્યાં મહત્તમ તાપમાનનો પારો ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. જ્યારે આગામી ૪થી ૫ દિવસ દરમિયાન રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦થી ૪૨ ડિગ્રી સુધી રહેતા દિવસ દરમિયાન લોકોને આકરી ગરમી સહન કરવી પડશે.

## રાજસ્થાનમાં ૧૦થી ૨૪ મે સુધી આકરા 'લોકડાઉન'નો નિર્ણય, લગ્નો પર રોક




જયપુર,

રાજસ્થાનમાં વધી રહેલા કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખીને ગેહલોત સરકારે ગુરૂવારે લોકડાઉન લંબાવવાની જાહેરાત કરી હતી. અશોક ગેહલોત સરકારે કરેલી જાહેરાત પ્રમાણે રાજસ્થાનમાં ૧૦ મે સવારે ૫:૦૦ વાગ્યાથી ૨૪ મે સવારે ૫:૦૦ વાગ્યા સુધી લોકડાઉન લાગુ રહેશે. એટલું જ નહીં, રાજ્યમાં ૩૧મી મે સુધી લગ્ન સમારંભો પર પણ પ્રતિબંધ રહેશે.

લોકડાઉન દરમિયાન રાજસ્થાનમાં લગ્નો પર પ્રતિબંધની સાથે જ ઈમરજન્સી સેવાઓને છોડીને અન્ય તમામ ગતિવિધિઓ પર પણ સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. મુખ્યમંત્રી અશોક ગેહલોતે કેબિનેટની બેઠક બાદ સંપૂર્ણ લોકડાઉન લાગુ કરવાની જાહેરાત કરી હતી. લોકડાઉનના નિયમો અંતર્ગત રાજ્યમાં ૩૧મી મે સુધી વિવાહ સંબંધી કોઈ પણ જાતના સમારંભ, ડીજે, જાન અને વિદાય તથા પ્રીતિભોજની મંજૂરી નહીં મળે. ઘરે અથવા કોર્ટ મેરેજ તરીકે લગ્નની મંજૂરી આપવામાં આવશે જેમાં ફક્ત ૧૧ લોકો જ સામેલ થશે અને તેની સૂચના ગવર્મેન્ટ પોર્ટલ પર આપવાની રહેશે.

લગ્નોમાં બેંડવાજા, રસોયા, ટેન્ટ કે આ પ્રકારની સેવાઓ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિને સામેલ થવાની મંજૂરી નહીં મળે. લગ્નો માટેના ટેન્ટ હાઉસ અને રસોયા સાથે સંબંધિત કોઈ પણ પ્રકારના સામાનની હોમ ડિલિવરી પણ નહીં થઈ શકે. લગ્ન સમારંભો માટે મેરેજ ગાર્ડન, મેરેજ હોલ અને હોટેલ પરિસર બંધ રહેશે. લગ્ન સ્થળના માલિકો, ટેન્ટ સાથે સંકળાયેલા વ્યવસાયિકો, કેટરિંગ સંચાલકો અને બેંડવાજાવાળાઓએ આયોજનકર્તાને એડવાન્સ બુકિંગની રકમ પરત કરવી પડશે અથવા ભવિષ્યના આયોજનમાં એડજસ્ટ કરી આપવી પડશે.

લોકડાઉન દરમિયાન તમામ પ્રકારના ધાર્મિક સ્થળો બંધ રહેશે. લોકોને ઘરે રહીને જ પૂજા-અર્ચના, ઈબાદત, પ્રાર્થના વગેરે કરવા વિનંતી કરવામાં આવી છે.

## વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં ૨૧ ડૉક્ટરો કોરોના સંક્રમિત થતા ખળભળાટ

વડોદરા,

વડોદરા જિલ્લામાં કોરોનાના સંક્રમણમાં વધારો થયો છે. કોરોનાના વૉરિયર્સ એવા ડોક્ટરો પણ કોરોનાની ઝપેટમાં આવી રહ્યા છે. ગોત્રી હોસ્પિટલમાં ફરજ બજાવતા ૨૧ તબીબો કોરોના સંક્રમિત થયા છે. તબીબો કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર કરી રહ્યા હતા. તબીબો કોરોના સંક્રમિત થતા અન્ય તબીબોની ચિંતા વધી છે.

વડોદરામાં દિવસેને દિવસે કોરોના સંક્રમણમાં સતત વધારો થઈ રહ્યો છે. ગોત્રી હોસ્પિટલ માં ૭૦૦ દર્દીઓ વચ્ચે ૧૮૦ તબીબો અને નર્સ નો સ્ટાફ છે ત્રણ શિફ્ટ પૈકી એક શિફ્ટ માં ૬૦ તબીબો ફરજ બજાવે છે. તેમાં પણ ૧૮ તબીબો, મેડિકલ સ્ટુડન્ટ, ૩૬ નર્સ કોરોનાનો શિકાર થતા ખળભળાટ મચી ગયો છે.

વડોદરામાં કોરોનાના કેસ વધવાની સાથે હૉસ્પિટલમાં દાખલ થનાર દર્દીઓની સંખ્યામાં પણ વધી છે. કોવિડની સારવાર માટે કુલ ૧૨ હજાર ૧૪૮ બેડ પૈકી ૮ હજાર ૬૯૯ બેડ પર દર્દી સારવાર હેઠળ છે. જ્યારે ૩ હજાર ૪૪૯ બેડ ખાલી છે. કોવિડ સારવાર માટેં ઝેંના ૨ હજાર ૬૪માંથી ૧૭૯ બેડ ખાલી છે.

કોરોનાના ૧ હજાર ૮૮૫ દર્દીઓ અલગ અલગ હોસ્પિટલના ICU વોર્ડમાં સારવાર હેઠળ છે અને ૩ હજાર ૮૪૧ દર્દીઓ ઓક્સિજન પર છે. હજુ પણ ૧ હજાર ૩૬૨ દર્દીઓને ઓક્સિજન આપી શકાય તેવી સગવડ છે. નોંધનીય છે કે, ગઈકાલે રાજ્યમાં પ્રથમ વખત ૧૧,૪૦૩ નવા કેસ નોંધાયા છે. જ્યારે વધુ ૧૧૬ લોકોનાં મૃત્યુ થયા છે તેની સાથે કોરોનાથી કુલ મૃત્યુઆંક વધીને ૫૪૯૪ પર પહોંચી ગયો છે.

## પંજાબમાં આજથી ૩૨ ખેડૂત સંગઠનો લોકડાઉનના વિરોધમાં રસ્તા ઉપર ઉતરશે

ચંદીગઢ,

સમગ્ર દેશમાં કોરોનાના પ્રકોપ વચ્ચે પંજાબના ખેડૂતોએ સરકાર દ્વારા સંક્રમણ રોકવા માટે લગાવાયેલ લોકડાઉન વિરૂધ્ધ રસ્તા ઉપર ઉતરવાની જાહેરાત કરી છે.

પંજાબના ૩૨ ખેડૂત સંગઠનોએ એલાન કર્યું છે કે તેઓ આવતીકાલ તા. ૮ થી લોકડાઉન વિરૂધ્ધ રસ્તા ઉપર ઉતરશે અને લોકોને પણ સાથે તેનો વિરોધ કરવા આહવાન કરશે. ખેડૂત નેતા બલબીરસિંહ આરોપ લગાડતા જણાવેલ કે સરકારે પોતાની નાકામી છુપાવવા જ લોડાઉન લગાડયું છે. આ ખેડૂતોનો અવાજ દબાવવાનું ષડયંત્ર છે.

તેમણે દાવો કરેલ કે કોરોનાથી નિપટવા લોકડાઉન કોઈ હલ નથી. કેન્દ્ર સરકાર ઉપર આરોપ લગાડતા જણાવેલ કે ગયા વર્ષે લોકડાઉન દરમિયાન જ ત્રણ કાળા કાયદાઓ પણ બનાવાયેલ. લોકડાઉન કોઈ સમાધાન નથી. તેનાથી ફકત અર્થવ્યવસ્થાને નુકશાન થશે અને બેરોજગારી વધશે. સરકાર લોકડાઉનની આડમાં પોતાની નાકામી છુપાવી રહી છે. તે દર્દીઓને ઓકસીજન, બેડ અને અન્ય ચિકિત્સા સુવિધાઓ આપવામાં ફેલ રહી છે.

## ચીનના માલવાહક વિમાનો પરના પ્રતિબંધના કારણે વિશ્વમાં દવાઓનો પુરવઠો જોખમમાં

ન્યુ દિલ્હી,

ભારતના દવા ઉત્પાદકો સતત એવી ચેતવણી આપી રહ્યા છે કે, ચીનના માલવાહક વિમાનો પરના પ્રતિબંધના કારણે સમગ્ર વિશ્વમાં દવાઓનો પુરવઠો જોખમમાં મુકાઈ શકે છે. તેનાથી ભારતને તો મુશ્કેલી પડી જ રહી છે પણ ભારત જે દેશોમાં દવાઓની નિકાસ કરે છે તેમને પણ મુશ્કેલી પડી શકે છે. દવાઓના પુરવઠા માટે અમેરિકા પણ અનેક હદ સુધી ભારત પર નિર્ભર છે. આ સંજોગોમાં જો દવાઓના ઉત્પાદનને અસર પહોંચશે તો અનેક દવાઓની અછતનું સંકટ સર્જાશે. હકીકતે ભારતમાં કોરોનાના કેસ વધી રહ્યા હોવાથી ચીનની સરકારી સિચુઆન એરલાઈન્સે આગામી ૧૫ દિવસ માટે પોતાની કાર્ગો ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મુકી દીધો હતો. ભારતીય ઔષધિ નિર્માતા સંઘ (IDMA)ના રાષ્ટ્રીય અધ્યક્ષ મહેશ દોષીના કહેવા પ્રમાણે ચીન ભારતના દવા ઉત્પાદકો દ્વારા વપરાતા કાચા માલનો ૬૦થી ૭૦ ટકા હિસ્સો અને તે સિવાય સમગ્ર વિશ્વના માર્કેટ માટે મોકલાતી દવાઓની સામગ્રી પૂરી પાડે છે. મહેશ દોષીએ સંભવિત સંકટથી ચિંતિત થઈને ૨૯ એપ્રિલના રોજ ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકરને પત્ર લખ્યો હતો. તેમણે લખ્યું હતું કે, જો ચીન આ રીતે કાર્ગો ફ્લાઈટ પર પ્રતિબંધ મુકી રાખશે તો સમગ્ર વિશ્વમાં દવાઓનો પુરવઠો પ્રભાવિત થશે.

## ચૂંટણી પૂરી થયા બાદ સતત ચોથા દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો




ન્યુ દિલ્હી,

સરકારી તેલ કંપનીઓ એ આજે સતત ચોથા દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો છે. વધારો પણ એવો કે ચાર દિવસમાં ડીઝલ પ્રતિ લીટર એક પિયો મોંઘુ થઈ ગયું છે. પરંતુ કાચા તેલના આંતરરાષ્ટ્રીય બજારમાં આવી તેજી નથી. આજે દિલ્હીની બજારમાં પેટ્રોલ ૨૮ પૈસાના વધારા સાથે ૯૧.૨૭ પિયા પ્રતિ લીટર પહોંચી ગયું છે. ડીઝલ પણ ૩૧ પૈસાના ઉછાળા સાથે ૮૧.૭૩ પિયા પ્રતિ લીટર પહોંચી ગયું છે.

છેલ્લા બે મહિનાથી દેશના ઘણા રાયોમાં વિધાનસભા ચૂંટણીની પ્રક્રિયા ચાલી રહી હતી. પાછલા મહિને કાચુ તેલ મોંઘુ થવા છતાં પેટ્રોલ–ડીઝલના ભાવમાં કોઈ વધારો થયો નહતો. પરંતુ આ વચ્ચે કાચુ તેલ સસ્તુ થયા બાદ ચાર ભાગમાં પેટ્રોલ–ડીઝલના ભાવ ઘટા હતા. તેનાથી પેટ્રોલ ૭૭ પૈસા પ્રતિ લીટર સસ્તું થઈ ગયું હતું. હવે સતત ચોથા દિવસે ભાવમાં વધારો થયો છે. ચાર દિવસમાં પેટ્રોલ ૯૦ પૈસા પ્રતિ લીટર મોંઘુ થઈ ગયું છે.

પાંચ રાજ્યોના વિધાનસભા ચૂંટણી પરિણામ બાદ ભાવ વધારો જોવા મળી રહ્યો છે. ચૂંટણીની અધિસૂચના ૨૬ ફેબ્રુઆરીએ જાહેર થઈ હતી. ત્યારબાદ સરકારી તેલ કંપનીઓએ છેલ્લે ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૧ના ડીઝલના ભાવમાં ૧૭ પૈસાનો વધારો કર્યો હતો. ત્યારબાદ બે મહિનાથી વધુ સમય સુધી કોઈ ભાવ વધારો જોવા મળ્યો નહીં. પરંતુ માર્ચ–એપ્રિલ દરમિયાન ડીઝલના ભાવમાં ચાર વખત ઘટાડો જોવા મળ્યો હતો. તે કારણે ડીઝલ ૭૪ પૈસા સસ્તું થયું હતું. હવે સતત ચોથા દિવસે તેમાં ભાવ વધારો જોવા મળ્યો છે. ચાર દિવસમાં ડીઝલમાં એક પિયો પ્રતિ લીટરનો વધારો થયો છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

નજમુદ્દીન અબ્દેઅલી ગાંગરડીવાલા
મુ. પાટીયા, તા. ગરબાડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જોખાભાઈ બાબરભાઈ બારીઆ
મુ. ઝરીબુઝર્ગ, તા. ગરબાડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

હૈદરભાઈ હુસેનભાઈ કુતરવડલીવાલા
મુ. વજેલાવ, તા. ગરબાડા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગરમાં આજે ૨૧૦ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૫૫૯૦ પોઝીટીવ કેસ નોંધાયા




**મહીસાગરમાં કોરોનાના કેસની સંખ્યા**

બાલાસીનોર-૬૦
કડાણા-૩૦
ખાનપુર-૨૦
લુણાવાડા-૪૩
સંતરામપુર-૪૫
વિરપુર-૧૨
જીલ્લામાં એકટીવ કેસ-૧૩૮૩
કોરોનાના સ્વસ્થ થયેલ દર્દીઓ ૩૯૩૯
કોરોનાથી ૨૨ મોત.

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના–૨૨ સ્ત્રી અને ૩૮ પુરૂષના, કડાણા તાલુકાના ૧૯ સ્ત્રી, ૧૧ પુરૂષના, ખાનપુર તાલુકાના–૧૨ સ્ત્રીના, ૦૮ પુરૂષના, લુણાવાડા તાલુકાના–૨૦ સ્ત્રીના અને ૨૩ પુરૂષના, સંતરામપુર તાલુકાના–૧૬ સ્ત્રીના, ૨૯ પુરૂષના અને વિરપુર તાલુકાના–૦૪ સ્ત્રીના, ૦૮ પુરૂષના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૭–૦૫–૨૦૨૧ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૫૫૯૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની–૧૬ સ્ત્રી, ૧૬ પુરૂષ, કડાણા તાલુકાની–૦૫ સ્ત્રી, ૧૦ પુરૂષ, ખાનપુર તાલુકાની–૦૭ સ્ત્રી, ૦૭ પુરૂષ, લુણાવાડા તાલુકાની–૦૮ સ્ત્રી, ૨૦ પુરૂષ, સંતરામપુર તાલુકાની–૨૨ સ્ત્રી, ૩૨ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૧૦ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૩૯૩૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૦ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૨૧૨૫૭૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૮ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૧૧૨૧ દર્દી હોમઆઈસોલેશનમાં, ૭૦ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૮૨ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૬૮ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૩૮૩ દર્દીઓ સ્ટેબલ, ૧૮૧ દર્દીઓ ઓક્સિજન પર અને ૧૫ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

# લુણાવાડા તાલુકાનું થાણાસાવલી ગામ મારૂ ગામ કોરોનામુક્ત ગામ ના સુત્રને સાર્થક કરવા કટિબદ્ધ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
ગુજરાત સ્થાપના દિવસથી ગ્રામ્ય વિસ્તારોમાંથી કોરોના સંક્રમણને નાબૂદ કરવાના ઉદેશ સાથે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ શરૂ કરેલા 'મારૂ ગામ કોરોના મુક્ત ગામ' અભિયાનને મહીસાગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં જનભાગીદારી થી શરૂ કરવા માટે વ્યાપક જન સર્મથન મળ્યું છે. કોરોના સંક્રમણની આ વિકટ સ્થિતિમાં ગામડાંઓમાં કોરોના સંક્રમણ વધે નહીં તેમજ ગામોમાં વસતાં નાગરિકો, પરિવારો કોરોનાથી મુકત અને સ્વસ્થ રહે તે માટે આ અભિયાન રાજયભરમાં એક પખવાડિયા દરમ્યાન લોકભાગીદારીથી હાથ ધરવામાં આવ્યું છે.

મહીસાગર જિલ્લાના થાણાસાવલી ગામે મારૂં ગામ– કોરોના મુક્ત ગામ અભિયાનના પડકારને ઝીલીને કોરોનાને ગામમાંથી નેસ્તોનાબૂદ કરવાનું બીડું ઝડપ્યું છે. ગામની ગ્રામસમિતિ દ્વારા ગામમાં કોરોનામાં કોરોના સંક્રમણ અટકાવવાના સઘન પ્રયાસોના ભાગરૂપે ગામની જ પ્રાથમિક શાળામાં જ કોરોના માટેની સારવાર તથા આઈસોલેશન માટેની ૦૬ બેડની સુવિધા ઉભી કરવામાં આવી છે.જેમા કોરોનાના પ્રારંભિક લક્ષણ ધરાવતા છ ગ્રામજનો માટે કોવિડ કેર સેન્ટર શરૂ કર્યું છે.

ગામના અગ્રીણી વિજય પટેલ કહે છે કે, ગામની બહાર આવેલી પ્રાથમિક શાળા ગામની બહાર અને કુદરતી વાતાવરણ વચ્ચે આવેલી છે. તેથી કોરોનાના દર્દીઓને સાજા થવાં માટેનું સારૂં વાતાવરણ મળશે. જેથી તેમની રિકવરી પણ ઝડપથી થઇ શકશે. તેઓ કહે છે કે, એક સમય એવો હતો કે, કોરોનાના ડરને કારણે કોરોનાનો દર્દી કે દર્દીના ઘરના લોકો પણ બોલવાં તૈયાર નહોંતા કે, મને કે મારા ઘરમાં કોરોનાનો કેસ છે. પરંતુ આ સુવિધા ઉભી થવાથી હવે લોકો સામેથી તેમાં ભરતી થવાં આવે છે. હાલમાં આ આઈસોલેશનની સુવિધામાં ૦૬ દર્દીઓ જ છે અને તેમને પણ ઝડપથી રિકવરી આવી જતાં અમારૂં ગામ કોરોના મુક્ત ગામ બની જશે.

વધુમાં પટેલે જણાવ્યું કે ગામના લોકોની આરોગ્ય ચકાસણી માટે ગામમાં જ આરોગ્ય વિભાગના ધન્વન્તરી રથ દ્વારા તપાસ કરવામાં આવે છે. જેથી ગામના લોકોને તપાસ કરાવવાં માટે બહાર જવું ન પડે અને ગામના લોકો અન્ય કોરોનાગ્રસ્ત લોકોના સંપર્કમાં આવતાં બચે. આ સિવાય આરોગ્ય વિભાગના સહકારથી રોગપ્રતિકારક શક્તિ વધારતા ઉકાળાનું ઘરે ઘરે જઈ વિતરણ તેમજ કોરોના દર્દીના પરિવારજનો તેમજ અન્ય ગ્રામજનોમાં સંક્રમણ ન ફેલાય તે માટે સતત મોનિટરિંગ અને સર્વેલન્સની કામગીરી શરૂ કરી છે તેવી કોરોના સંબધિ વિવિધ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.આમ, શક્ય તમામ રસ્તાઓ કે જેના દ્વારા કોરોના ફેલાવાની શક્યતા છે, તે તમામની નાકાબંધી કરીને ગામમાં કોરોનાનું સંક્રમણ થાય જ નહીં તે માટેના અગમચેતીના પગલાં લેવામાં આવ્યાં છે.

આ કોવિડ કેર સેન્ટરની લુણાવાડા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીએ મુલાકાત લઈ દર્દીઓ સાથે વાતચીત કરી કોવિડ કેર સેન્ટરની સુવિધાઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. સેન્ટરમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સતત આરોગ્ય ચકાસણી તેમજ દર્દીની જરૂરિયાતોનું પૂરતું ધ્યાન રાખવામાં આવ્યું છે.

આમ, મુખ્યમંત્રીએ ગ્રામજનોને પોતાના ગામમાં કોરોનાના અતિ સામાન્ય લક્ષણો ધરાવતાં વ્યકિતઓને કોવિડ કેર સેન્ટર ગ્રામ્યસ્તરે શરૂ કરી ત્યાં સારવાર–આઈસોલેશન માટે ગામે–ગામ લોકભાગીદારીથી કોવિડ કેર સેન્ટર્સ શરૂ કરવાનું આહવાન કર્યુ હતું તેને પગલે સ્થાનિક જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી દરેક ગામમાં એક સમયે વધી ગયેલ કોરોના સંક્રમણને અટકાવીને વર્તમાનમાં કોરોનાથી મુક્ત બનવાનો માર્ગ મોકળો કરાયો છે.

## સંતરામપુર નગરમાં ૧૭ મે સુધી સંપૂંણ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં સતત કોરોના સંક્રમણ વધી રહ્યું છે ત્યારે સરકારી તંત્ર અને વેપારી ફરીથી ૧૦ દિવસ માટે લોકડાઉન જાહેર કરવામાં આવ્યો હતો. સંતરામપુર નગરમાં સતત કોરોના ની સંખ્યા નું પ્રમાણ વધારો થઈ રહ્યો છે અને સંક્રમણ ને અટકાવવા માટે સરકારી સંસ્થા દ્વારા સંતરામપુર પ્રાંત કચેરીમાં મીટીંગ યોજવામાં આવી હતી. આ મિટિંગમાં સંતરામપુર સર્વ વેપારી મંડળ અને સંતરામપુર સરકારી તંત્ર પ્રાંત અધિકારી યાદવ સાહેબ મામલતદાર આરોગ્ય અધિકારી ચીફ ઓફિસર અને પોલીસ તંત્ર સંયુક્ત તંત્ર આજરોજ બેઠક યોજીને સંતરામપુર માંથી કોરોનાની સંખ્યાનું પ્રમાણ ઘટાડવા અને સંક્રમણ થઈ શકે તેના અનુલક્ષીને આજે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. તારીખ ૮ ૫ ૨૦૨૧ ૧૭મી સુધી સંપૂર્ણ લોકડાઉન જાહેર કરવામાં આવેલું છે. આશ્વયક ચીજવસ્તુઓમાં ૦૮:૦૦ બાર વાગ્યા સુધી ફૂટ અને શાકભાજી ચાલુ રહેશે અને મેડીકલ સેવાઓ આખો દિવસ ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તથા સરકારી તંત્ર દ્વારા મહત્વના નિર્ણય લેવામાં આવેલો છે. તંત્ર દ્વારા સુચના આપવામાં આવેલી કે સંક્રમણ અટકાવવા માટે સોશિયલ મશત–ફિંક્ષભય નું પાલન કરવું પડશે ભીડ ભેગી કરવી નહીં સેનીટાઈઝર, માસ્કનો અવશ્ય ઉપયોગ કરવાનું છે અને ઘરમાં જ રહેવાનું છે. જો સરકારી નિયમોનું પાલન કરવામાં નહીં આવે તો ફોજદારી ગુનો અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રાંત અધિકારી જણાવ્યું હતું.

# ગોધરાના નવ વર્ષીય પુત્ર કિહાનખાન ફિરોઝખાન પઠાણને યુનિક રેકોર્ડ સાથે રાષ્ટ્રીય કક્ષાએ OMG નેશનલ રેકોર્ડ બુકમાં સ્થાન




ગોધરા,
દેશની ચોથી સૌથી મોટી રેકોર્ડ બુક OMG of Record દ્વારા લલિત હોટલ મુંબઈ ખાતે વર્ષ ૨૦૨૦ ના રેકોર્ડ બુકનો વિમોચન કરવામાં આવ્યું છે. આ OMG રેકોર્ડ બુકમાં ગોધરાના નવરચના પ્રાથમિક શાળા ગોધરાના પ્રિન્સિપાલ અને સાહિત્યકાર ફિરોઝખાન પઠાણ નવ વર્ષીય પુત્ર કિહાનખાન પઠાણને યુનિક રેકોર્ડ વિથ સર્ટિફિકેટ ફ્રોમ A to Z એનજીઓ ઈન ઈન્ડિયા સાથે સ્થાન મળ્યું છે. ખાન દ્વારા આ રેકોર્ડ A To Z સંસ્થાઓ દ્વારા સન્માનિત કરાવવામાં આવતા યુનિક રેકોર્ડ થયેલ છે. જે ગોધરા, પંચમહાલ અને ગુજરાત માટે ગૌરવ સમાન છે.

ઉલ્લેખનીય છે કે, કલરવ અંગ્રેજી માધ્યમ સ્કૂલમાં અભ્યાસ કરતા કિહાનખાન યુનિક ચાઈલ્ડ પર્સનાલિટી કહી શકાય કારણકે હાલ સુધી તેઓને ૧૬૫ સંસ્થાઓ દ્વારા નાના સામાજિક કાર્યકર સન્માન, આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા વૃક્ષારોપણ માટે સન્માન, રાષ્ટ્રીય કક્ષાએ ગાંધી વિષય પર પોસ્ટર સ્પર્ધામાં પ્રથમ સ્થાને, રાષ્ટ્રીય કક્ષાએ નેશનલ મોસ્ટ ચાર્મીન્ગ બોય સન્માન, મોસ્ટ બ્યુટીફૂલ પર્સન ઓફ ઈન્ડિયા ૨૦૨૦ સન્માન, ફોટોગ્રાફી, અક્ષરલેખન, ફેન્સી ડ્રેસ અને વોક સ્ટાઈલ માટે નેશનલ કક્ષાએ સન્માનિત થયેલ છે.


## શહેરા નગરપાલિકા, તા.શહેરા, જિ.પંચમહાલ
## ભરતી અંગેની જાહેરાત

નગરપાલિકા શહેરામાં સફાઇ કામદારોની ભરતી માટે મે.નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય ગાંધીનગરના પરીપત્ર ક્રમાંક:નપાનિ/મહેકમ-૧ સફાઈ કામદાર ભરતી ફા.નં.૧૪૪૨/૨૦૧૭ અન્વય તેમજ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫/૦૯/૨૦૦૦ ઠરાવ ક્રમાંક:પવસ ૧૬૯૬-૮૭૮- ભાગ ૨-ગ૪ અને તા.૦૩/૦૮/૨૦૧૧ ના ઠરાવ ક્રમંક:પવસ ૧૬૯૬-૮૭૮-ભાગ ૨-ગ૪ને ધ્યાને રાખી નગરપાલિકા શહેરાની આરોગ્ય શાખાની નીચે જણાવેલ જગ્યાઓની ભરતી માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | શૈક્ષણિક લાયકાત | બિન અનામત | અ.જ.જા. | અ.જા. | સા.શૈ. પછાત વર્ગ | આર્થિક પછાત | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સફાઇ કામદાર (સ્વીપર) | ૪ | લખી વાંચી શકે તેવા | ૯ | ૨ | ૧ | ૪ | ૧ | ૧૭ |

ઉપરોક્ત જગ્યાઓ માટેની અરજી તા.૦૭/૦૬/૨૦૨૧ સુધીમાં ચીફઓફિસર શહેરા નગરપાલિકા, નાડા રોડ, ખાતે ફકત આર.પી.એ.ડી અથવા સ્પીડ પોસ્ટથી જ મોકલી આપવાની રહેશે. બિન અનામત ઉમેદવારો પાસેથી અરજી ફી પેટે રૂ.૩૦૦/-ડિમાન્ડ ડ્રાફટ કે પોસ્ટલ ઓર્ડરથી રજુ કરવાના રહેશે. તેમજ અનામત ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી. સાથે તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો તથા શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.

(૧). ઉમેદવાર અરજી, બાયોડેટા સાથે તમામ પ્રમાણપત્રોની પ્રમાણિક નકલ સાથે કરવાની રહેશે. અધુરી વિગત દર્શાવતી તેમજ જાહેરાત પ્રસિધ્ધ થયા અગાઉની અરજીનો તથા નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીનો રદબાતલ ગણાશે.

(૨). નગરપાલિકા શહેરા ખાતે ફરજ બજાવતા કર્મચારીઓ પણ અરજી કરી શકશે. તેમજ નગરપાલિકાનો અનુભવ વધારાની લાયકાત ગણાશે.

(૩). શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પત્ર ક્રમાંક ઈએસટી/૧૦૨૦૦૫/૬૨૭૮/આર, તા.૦૮/૦૫/૨૦૦૬ ના પત્ર મુજબની સીધી ભરતીની નિમણુંક પાંચ વર્ષના સમયગાળા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ફિકસ પગાર ના અજમાયશી તરીકે કરવાની રહેશે. સરકારીશ્રી તરફથી વખતોવખત જે સુધારો જાહેર થશે તે લાગુ પડશે. પાંચ વર્ષ પૂર્ણ થયે નગરપાલિકાને સેવા સંતોષકારક જણાશે તો નિયમોનુસાર જે તે જગ્યા પર તે સમયે પ્રવર્તમાન ધોરણ મુજબ નિયમિત કરવામાં આવશે.

(૪) ઉમેદવારની વયમર્યાદા ગુજરાત સરકારના નીતિનિયમો મુજરો તથા નગરપાલિકામાં લાંબા સમયથી રોજમદાર કે ફિકસ પગારથી કામ કરતા કર્મચારીઓને ઉમરમાં છૂટછાટ મળવાપાત્ર રહેશે તેમજ તેઓની દાખલ થયાના સમય ધ્યાને લેવામાં આવશે.

(૫) નગરપાલિકા જણાવે તે તારીખે અને સમયે ઉમેદવારે જન્મનું પ્રમાણપત્ર અથવા ઉંમરનો પુરાવો, શૈક્ષણિક લાયકાત, અનુભવ, અને જાતિના અસલ પ્રમાણપત્રો સાથે ઈન્ટરવ્યુમાં પોતાના સ્વખર્ચે હાજર થવાનું રહેશે.

(૬) હાજર રહેલ ઉમેદવારોની ઈન્ટરવ્યુની પસંદગીની પ્રક્રિયા સરકારશ્રીના નિયમોને જોગવાઇ અનુસાર કરવામાં આવશે.

(૭) ઉમેદવારોએ કરેલ અરજી પરત્વે ખોટા આધાર પુરાવાઓ સામેય કરનાર સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવશે. અને તેવા ઉમેદવારોની અરજીની ધ્યાને લેવામાં આવશે નહીં.

(૮) સાદરહું ભરતી પ્રક્રિયા સરકારશ્રીના વખતોવખતના નિયમો, કાયદાઓ અને જોગવાઈઓ તેમજ નગરપાલિકા નિયામકશ્રી દ્વારા સૂચિત-ભરતી બઢતીના નિયમોના ફેરફાર અને જગ્યાઓ ભરવાની મંજૂરીના નિર્ણયને આધીન રહેશે.

(૯) ભરતી અંગેનો આખરી નિર્ણય કરવાનો હક્ક નગરપાલિકા હાલના નીચે સહી કરનારને અબાધિત રહેશે.

સ્થળ :- શહેરા
તારીખ :-૦૬/૦૫/૨૦૨૧

ચીફ ઓફીસર — શહેરા નગરપાલિકા
પ્રમુખ — શહેરા નગરપાલિકા

માહિતી/ગોધરા/૭૩/૨૦૨૧


## શહેરા પાલિકા દ્વારા સફાઈ કામદારોને છુટા નહિ કરવાની ખાતરી આપતાં સફાઈ કામગીરી શરૂ કરાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
કોરોનાના કહેરમાં શહેરા નગર પાલિકા દ્વારા સફાઈ કામદારોની સફાઈ બરાબર નહી હોય તેવા સફાઈ કામદારો ને છુટા કરવાના નિર્ણયને લઈને સફાઈ કામદારો હડતાળ પર બુધવાર ના રોજ થી ઉતર્યા હતા. સફાઈ કામદારોએ સફાઈ સેવા નગર વિસ્તારમાં બંધ કરતા નગરના સિંધી ચોકડી, બસ સ્ટેશન, સિંધી માર્કેટ સહિતના વિસ્તારમાં કચરાના ઢગલા જોવા મળી રહયા હોવા સાથે ગંદકીનું સામ્રાજય જામ્યું હતું. પાલિકા એ સફાઈ કામદારો ને છુટા નહી કરવાની બાંહેધરી આપતા સફાઈ કામદારો ની હડતાળ સમેટાઈ જતા વિવિધ વિસ્તારમાં સફાઈ કામદારો એ સફાઈ સેવા શરૂ કરાઈ કોરોનાના કહેરમા ગંદકીનુ સામ્રાજય જામતા નગરજનો ભારે ચિંતિત થયા હતા. ત્યારે નગર સ્વચ્છ રહે તે માટે પાલિકા દ્વારા વિચારવું જોઈએ.

## કાલોલ પોલીસે બોરૂ ગામના ખુલ્લા ખેતરમાં જુગાર પર છાપો માર્યોઃ પાંચ જુગારીઓને ઝડપી પાડ્યા બે ફરાર

કાલોલ,
કાલોલ પોલીસ સ્ટેશનના પીએસઆઈને મળેલી ચોક્કસ બાતમીના આધારે બુધવારે કાલોલ તાલુકાના બોરૂ ગામના ખુલ્લા ખેતરમાં કેટલાક ઈસમો ભેગા મળીને જાહેરમાં પાના પતાથી પૈસા વડે હારજીતનો જુગાર રમતા હોવાની બાતમીના આધારે પોલીસે બાતમીના સ્થળે ગોળ કુંડાળું કરી જુગાર રમતા ઈસમોને પોલીસને આવેલી જોતા નાસભાગ મચી હતી. જોકે પોલીસે પીછો કરી પાંચ જુગારીઓને ઝડપી પાડયા હતા.જેમાં (૧)ધર્મેન્દ્રસિંહ મંગળસિંહ ગોહિલ ગામ બાકરોલ (૨) સુરેશકુમાર પર્વતભાઈ સોલંકી ગામ ભાદરોલી (૩) રફીકખાન લતીફખાન બેલીમ ગામ બોરૂ(૪) ગોપાલભાઈ ગોવિંદભાઈ પરમાર ગામ ગોકળપુરા (૫) મહેન્દ્ર ભાઈ શંકરભાઈ ચૌહાણ ગામ ગોકળપુરા પાંચ ઈસમોની અંગ જડતી માં રૂ. ૬,૪૦૦/ અને દાવ પરના ૪,૯૦૦/ રૂ. મળી કુલ રૂ,૧૧,૩૦૦/ સહિત જુગારના પાનના પત્તા કબજે કરી નાસી છુટેલા અન્ય બે ઈસમોની પૂછપરછ કરી હતી. જે અંતર્ગત પોલીસે ઝડપાયેલા પાંચ જુગારીઓની અટકાયત કરી સાત ઈસમો સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી ફરાર જુગારીઓ(૧) વસીમભાઈ રસિકભાઈ બેલીમ ગામ બોરૂ (૨) મેઘરાજસિંહ ઉર્ફે મેઘો નટવરસિંહ ખેર ગામ ભાદરોલી પકડવા તજવીજ હાથ ધરી છે.

## ગોધરાના કાળાભાઈ પેટ્રોલ પંપ થી જકાત નાકા સુધીના બખડધજજ રસ્તાના સમારકામ ન થતાં રોષ


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,
ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં કાળાભાઈ પેટ્રોલ પંપ થી જુના જકાતનાકા સુધી વર્ષો થી જર્જરિત હાલત અને ઉબડ ખાબડ રોડ હતો જે તાજેતરમાં નગરપાલિકાએ નવીન બનાવેલ હતો. જેથી લોકોમાં ખુશી થઈ પરંતુ ભૂગર્ભ ગટર યોજનાનાં ઢાંકણા લેવલ કરેલ નથી, સડકનાં લેવલ થી ઉંચા છે, અને તૂટેલા છે, જેથી રહેદારી અને વાહનોને અડચણ રૂપ છે. વાહનો તેનાથી બચવાં કટ મારે છે. જેથી આજુ બાજુ વાળા વાહનો ડિવાઈડર સાથે અથડાઈ છે, જેથી ડેઈલી નાના મોટા વાહનો તેમજ રહેદારીઓ અથડાવા થી નાની મોટી ઈજાઓ થથી રહે છે. જે અંગે અવાર નવાર નવીન ચૂંટાયેલા સેવકો ને રજૂઆતો બેહરા કાને અથડાઈ છે, અને ઢાંકણા લેવલલિંગ ન હોવા ને કારણે રોજ બ રોજ અકસ્માતો બનતા જોઈ સ્થાનિક લોકો એ સ્વયં ઢાંકણા લેવનિંગ કામ હાથ ધર્યું, અને નગરપાલિકાના સભ્યો ઉપર રોષ અંગે સોશિયલ મીડિયા ઉપર જોવા મળે છે.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ પોલીસ સ્ટેશનમાં વિજેન્દ્રસિંહ ૮ મી પુણ્યતિથિ નિમિત્તે તેમની પ્રતિમાને ફૂલ હાર અર્પણ કરાયા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૭-૦૫-૨૦૨૧, શુક્રવાર, ચૈત્ર વદ-૧૧, સૂર્યોદય-૬-૦૪, સૂર્યાસ્ત-૭-૦૬, જૈન નવકારશી-૭-૧૬, આજની રાશિ : કુંભ (ગ,સ,શ), નક્ષત્રઃ પૂર્વાભાદ્રપદ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૮.૦૫.૨૦૨૧ શનિવાર

મેષ (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે,મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો.
વૃષભ (બ,વ,ઉ) : મનોમંથન કરી શકો,મુશ્કેલીમાં થી માર્ગ મળે,મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.
કર્ક (ડ,હ) : ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ,પ્રગતિ થાય.
સિંહ (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો,શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,દિવસ એકંદરે સારો રહે.
તુલા (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.
વૃશ્ચિક (ન,ય) : મનમાં દ્વિધા રહ્યા કરે,ચોક્કસ નિર્ણય પર ના આવી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): વિવાહયોગ્ય મિત્રો માટે શુભ સમય,સારી વાત આવી શકે છે.
મકર (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદ પ્રમોદ માં વીતે.
કુંભ (ગ,સ,શ ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મીન (દ,ચ,ઝ,થ): સામાજિક કૌટુંબિક કાર્ય થાય,પરિવાર સાથે આનંદ માણી શકો.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લાવાસીઓને પાવાગઢ મંદિર તરફથી ઓકસિજન પ્લાન્ટની ભેટ

- કોરોના મહામારીમાં મંદિર બંધ રહેતા આવકમાં ઘટાડો.
- પાવાગઢ મંદિર દ્વારા ઓકસીજન પ્લાન્ટ માટે ૫૦ લાખની સહાય.
- પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા કોરોના ગાઇડ લાઇનનું પાલન કરવા અપીલ.
- ટ્રસ્ટ દ્વારા મંદિરની વેબસાઇટ www.pavagadhtemple.in ઉપરથી લાઇવ દર્શન કરી પોતાના સ્વગૃહે માતાજીની આરાધના કરવા વિનંતી.
- ઓકસીજન પ્લાન્ટ માટે ૫૦ લાખ રૂપીયા ફાળવ્યા.
- પ્રતિદિન ૧૦૦ સિલિન્ડર ઓક્સીજન મળી રહે તે પ્રકારનો પ્લાન્ટ ઉભો કરવામાં આવશે.

## હાલોલના તાજપુર કોવિડ હોસ્પિટલ ખાતે ઓકસીજન પ્લાન્ટ શરૂ થશે : પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા ૫૦ લાખની સહાય





હાલોલ, પંચમહાલ જીલ્લાનું સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ટ્રસ્ટ દ્વારા કોરોના મહામારીમાં જીલ્લાવાસીઓની પડખે આવ્યું છે. તાજપુરા કોવિડ હોસ્પિટલમાં ઓકસીજન પ્લાન્ટ સ્થાપવા માટે ૫૦ લાખ ફાળવવાની જાહેરાત કરવામાં આવી.

કોરોના મહામારીની બીજી લહેરની ઘાતક બનીને લોકોને સંક્રમણના ભરડામાં લઈ રહી છે. બીજી લહેરના કોરોના સંક્રમણના ભોગ બનતા દર્દીઓના ઓક્સીજન લેવલ ઘટવાની સમસ્યા જોવા મળી છે અને ઓક્સીજ ઘટી જવાને લઈ અનેક દર્દીઓએ જાન ગુમાવ્યા છે. હાલ દેશભરમાં ઓક્સીજનની અછત જોવા મળી રહી છે. કોવિડ હોસ્પિટલમાં જરૂરીયાત પુરતો ઓક્સીજન જથ્થો મળી રહ્યો નથી. ત્યારે આવી મહામારી અને સંકટના સમયમાં પંચમહાલ જીલ્લાના સુપ્રસિદ્ધ પાવાગઢ મંદિર ટ્રસ્ટ જીલ્લાવાસીઓના વહારે આવ્યું છે. હાલોલના તાજપુરા ખાતે આવેલ કોવિડ હોસ્પિટલમાં ઓકસીજન પ્લાન્ટ સ્થાપવામાં આવશે તેવી જાહેરાત કરી છે. મંદિર ટ્રસ્ટ દ્વારા ઓકસીજન પ્લાન્ટ સ્થાપવા માટે ૫૦ લાખ ફાળવીાની જાહેરાત કરવામાં આવી છે. આગામી સમયમાં ઓક્સીજન પ્લાન્ટની કામગીરી શરૂ કરવામાં આવશે. આ પ્લાન્ટની સ્થાપના થતાં પ્રતિદિન ૧૦૦ સિલિન્ડર ઓક્સીજન મળી રહે તે પ્રકારનો પ્લાન્ટ ઉભો કરવામાં આવશે. તાજપુરા ખાતે ઓક્સીજ પ્લાન્ટ શરૂ થતાં કોરોના સંક્રમિત દર્દીઓને રાહત મળી રહેશે.

## પાવાગઢ યાત્રાધામ મંદિરમાં માતાજીના દર્શનનો લાભ ૨૪ મે સુધી બંધ રાખવાનો નિર્ણય



પાવાગઢ, કાલિકા માતાજીનું પાવાગઢ ખાતે આવેલ મંદિર એ શક્તિ પીઠ છે. જયાં ભગવતી મહાકાળી માતાજી સાક્ષાત સ્વરૂપે બિરાજમાન છે અને કરોડો ભક્તો ની શ્રધ્ધા અને આસ્થાનુ કેન્દ્ર છે દર વર્ષે લાખો લોકો માતાજીની આરાધના કરવા માટે પાવાગઢ ખાતે માતાજીના દર્શને આવે છે. ભાવીક ભક્તજનો હાલમાં કોરોના વાયરસના બીજા રાઉન્ડે ભયજનક કક્ષાએ સમગ્ર વિશ્વને ભરડામાં લીધેલું છે. જેમાં આપણુ ગુજરાત પણ સામેલ છે. રાજય સરકાર આ બાબતે ખૂબ જ ચિંતિત છે અને કોરોના ના વ્યાપ ને રોકવા અતિ પ્રયત્નશીલ છે. માતાજીની આરાધનાની સાથે માતાજીના ભક્તોના સ્વાસ્થ્ય તેમજ સલામતી પણ ખુબ જ અગત્યની છે અને લાખો ભાવિકો લાખો માઇભક્તો ની ભીડદર્શન કરવા આવે તો સોશિયલ ડિસ્ટન્સ સાચવશે નહીં અને યાત્રિકોના સ્વાસ્થ્યની ચિંતા હોય માતાજીના દર્શને દર્શન આવનાર લાખો ભકતોના સ્વાસ્થ્ય અને સલામતીને દયાનમાં રાખી અગમચેતીના પગલા લેવા જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા પોલીસ તંત્ર સાથે ગ્રહન ચર્ચા કરી મંદિર ટ્રસ્ટ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે કે, આગામી તારીખ ૨૪.૦૫.૨૦૨૧ સુધી ભાવિક ભક્તજનોને માતાજીના દર્શનનો લાભ મળશે નહીં એટલે કે ભાવિક ભકતોને આ સમય દરમ્યાન પોતાના સ્વગૃહે માતાજીની આરાધના કરશે માતાજી ના તમામ ભક્તોને મનોકામના પૂર્ણ કરે એવી પ્રાર્થના અને આપના સહકારની અપેક્ષા રાખીએ છીએ. સરકાર ની નવી કોઈ નવી ગાઇડલાઇન આપવામાં ન આવે તો તારીખ.૨૫.૫.૨૦૨૧ થી માતાજીના દર્શન રાબેતા મુજબ ચાલુ થશે દૈનિક સર્વે ભાઈ ભકતોને ખાસ નોંધ લેવી. મંદિરની વેબસાઇટ ઉપરથી લાઈવ દર્શન વ્યવસ્થા પોતાના સ્વગ્રુહેથી માતાજીની આરાધના કરવા વિનંતી.

## પંચમહાલ જીલ્લામાં આજરોજ કોરોના ૨૫૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા




ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેરનો ઘાતક ભરડો લીધો છે. જીલ્લામાં પ્રતિદિન કોરોના સંક્રમણ કેસ વધી રહ્યા છે. જીલ્લામાં હાલોલ નગરમાં કોરોના એ અજગરી ભરડો લીધો છે. છેલ્લા ત્રણ દિવસમાં ૩૪૭ કોરોના પોઝીટીવ દર્દીઓ નોંધાવા પામ્યા છે. જ્યારે બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં ૮૭ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારો કોરોના સંક્રમણના ભરડો વધતા આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમિત દર્દીઓને હોમ કોરોન્ટાઈન અથવા સારવાર અર્થે કોવિડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના મહામારીને લઈ લોકોમાં જાગૃતિ માટે પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. લોકોને માસ્ક પહેરવા સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા માટે અપીલ કરવામાં આવી રહી છે. પંચમહાલ જીલ્લામાં આજરોજ અધધ ૨૫૨ જેટલા કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે.

કોરોના મહામારીની બીજી લહેરે પંચમહાલ જીલ્લાનો અજગરી ભરડો લીધો છે. કોરોના સંક્રમણના કેસ પ્રતિદિન વધી રહ્યા છે. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કોરોનાની બીજી લહેરમાં સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. તેને ધ્યાનમાં રાખીને પહેલા ગોધરા શહેરના વેપારીઓ સાથે મીટીંગ કરીને ત્રણ દિવસનું સ્વૈચ્છિક બંધ પાડવામાં આવ્યું. બાદમાં આંશિક છુટછાટ સાથે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. તેની અમલવારી ગોધરા શહેર, મોરવા(હ), કાલોલ, શહેરા જેવા સ્થળે વહીવટી તંત્ર દ્વારા સજાગતા રાખીને સંક્રમણ ન ફેલાય તે માટે વેપારીઓ સાથે મીટીંગ યોજીને ધંધા રોજગાર બંધ રાખવામાં આવ્યા હતા. પરિણામે ગોધરા શહેર, શહેરા, કાલોલમાં કોરોના સંક્રમણના કેસમાં ઘટાડો જોવા મળ્યો છે. તેને લઈ આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર એ રાહત અનુભવી છે. જ્યારે બીજી તરફ પંચમહાલ જીલ્લાના ઔદ્યોગિક હબ ગણાતા હાલોલમાં કોરોનાની બીજી લહેરને ગંભીરતાથી લેવામાં આવી નહી. સ્થાનિક વહીવટી તંત્ર એ વેપારીઓ સાથે તેમજ નાના શાકભાજી જેવા ધંધાવાળાઓને ભીડ ન કરવા સુચનો આપવામાં આવ્યા હતા અને સંતોષ માની લીધો હતો. બીજી તરફ નાસ્તાઓની લારીઓ સહિતના છુટક ધંધાઓ ચાલુ રહ્યા તેને બંધ કરવામાં આવ્યા ન હતા. હાલોલમાં ખાનગી વાહનોમાં આડેધડ મુસાફરો ભરીને વહન કરતાં રોકવામાં આવ્યા નહિ તેમજ આવા વાહન ચાલકો પાસે સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. પરિણામે હાલોલ નગર કોરોના સંક્રમણે ભરડો લીધો છે. મે મહિનાના છેલ્લા ત્રણ દિવસમાં હાલોલમાં ૩૪૭ કોરોના સંક્રમણના કેસ નોંધાયા છે. આજરોજ હાલોલમાં ૧૪૯ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. કોરોના સંક્રમણના કેસ વધતા આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર સંક્રમણ અટકાવવા માટે લોકડાઉનનો અમુલ શરૂ કરવામાં આવ્યો છે. જે ઘોડો ભાગ્યા પછી તબેલાને તાળું મારવા જેવું લાગી રહ્યું છે. પંચમહાલ જીલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણ વધ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં ૮૭ કેસ પોઝીટીવ નોંધાવા પામ્યા છે. ઘોઘંબા તાલુકામાં ૪૦ પોઝીટીવ કેસ નોંધાયા છે. ઘોઘંબા તાલુકામાં કોરોના સંક્રમણના કેસ ૧૪૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. આમ, પંચમહાલ જીલ્લાના ઘોઘંબાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. પંચમહાલ જીલ્લા આરોગ્ય વિભાગ અને વહવીટી તંત્ર જીલ્લામાં કોરોના સંક્રમણના વધતા જતાં દર્દીઓને લઈ ચિંતીત બન્યું છે. લોકોને સંક્રમણથી બચવા માટે માસ્ક પહેરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા માટે માસ્ક પહેરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા અપીલ કરવામાં આવી રહી છે. હાલોલ નગર, ઘોઘંબા ગ્રામ્ય વિસ્તારમા કોરોના સંક્રમણનો ભરડો લઈ રહ્યું છે. ત્યારે લોકો કોરોનાને ગંભીરતાથી લઈને કોરોના ગાઈડ લાઈનનું પાલન કરે તે જરૂરી છે.

### પંચમહાલ જીલ્લાની આજની કોરોના સ્થિતી

: શહેરી વિસ્તાર :
ગોધરા-૦૩
હાલોલ - ૧૪૯
કાલોલ - ૦૩

: ગ્રામ્ય વિસ્તાર :
હાલોલ - ૧૭
કાલોલ - ૦૩
શહેરા - ૧૭
ઘોઘંબા - ૪૦
જાંબુઘોડા - ૨૦

સક્રિય કેસ - ૧૧૩૪
રજા અપાઈ - ૧૧૧
મૃત્યુઆંક - ૦૦

-શહેરી વિસ્તાર ૧૫૫ અને ગ્રામ્ય વિસ્તાર ૮૭ પોઝીટીવ કેસ નોંધાયા.
- હાલોલ નગરમાં છેલ્લા દિવસમાં ૩૪૭ કોરોના પોઝીટીવ દર્દીઓ નોંધાયા.

પંચમહાલ જીલ્લામાં ૩૭ હોસ્પિટલમાં ૧૪૦૪ બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ૫૦૦ ઓક્સીજન બે, ૩૬ આઈસીયુ બેડ, ૩૨ વેન્ટીલેટર તથા ૬૪૨ આઈસોલેશન બેડની સુવિધા ઉપલબ્ધ છે. જીલ્લામાં કોવિડ દર્દીઓને અંદાજે ૧૦.૮ મેટ્રીક ટન ઓક્સીજનની દૈનિક જરૂરીયાત છે. તે પૈકી ૫૦ ટકા પુરવઠો સ્થાનિક જીલ્લામાંથી જયારે અન્ય જથ્થો અન્ય જીલ્લામાંથી પુરો પાડવામાં આવે છે.

પંચમહાલ જીલ્લામાં ૧૧૩૪ કોરોના સક્રિય કેસ નવા નોંધાવા પામ્યા છે. અત્યાર સુધી ૨,૫૧,૨૪૩ લોકોનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું છે. એપ્રિલ મહિનાથી RTPCR ટેસ્ટીંગમાં વધારો કરવામાં આવ્યો છે.

## ઘોઘંબા તાલુકાના અંતરિયાળ વિસ્તારના ગામડાંઓમાં લોકડાઉનની અફવા ફેલાવી પાન પડીકીના વેપારીઓ દ્વારા ગ્રાહકો પાસે ઉઘાડી લૂંટ

ઘોઘંબા, પંચમહાલ જીલ્લા સહિત ગુજરાતમાં ફરી લોકડાઉન થવાની ખોટી અફવાથી રેક ચીજ વસ્તુઓમાં ભાવ વધવાની આશંકાએ ઘોઘંબા તાલુકાના અંતરિયાળ વિસ્તાર ના ગામડાના છૂટક વેપારીઓએ ચીજવસ્તુઓ બેગણી કિંમતે ગ્રાહકોને વેચી રહ્યા છે. તેવું તાલુકાના ગ્રામ્ય વિસ્તારના લોકોમાં ચર્ચાય રહ્યું છે. છૂટક પાન, પડીકી કે ગુટકા વેંચતા વેપારીઓએ પાન, પડીકી અને ગુટકામાં પણ ભાવ વધારો ઝીંકી દેતા ગ્રાહકો લૂંટાઈ રહ્યા છે. ત્યારે ગુટકાનું ૧ પેકેટ ૧૨૨ રૂપિયામાં મળતું હતું,તેનો ભાવ ૧૯૦-૨૦૦ રૂપિયા કરી દેવાતા છૂટક દુકાનદારો ગ્રાહકો પાસેથી લોકડાઉન થવાની ખોટી અફવા ફેલાવી વધુ પૈસા લઈ ગ્રાહકોને બેફામ લૂંટી રહ્યા છે. આમ ગ્રાહકો દ્વારા વધુ અફવાનો ફેલાવો થતા બજારમાંથી ઉંચા ભાવે ચીઝ વસ્તુઓ ખરીદવા મજબુર બન્યો છે. ગુટખાના મોટા મોટા ડીલરો તેમજ હોલસેલ વેપારીઓ ઘોઘંબામાં પણ લોકડાઉન આવવાનું છે તેવી અફવાઓ ચલાવી ગ્રામ્ય વિસ્તારના નાના મોટાં વેપારીઓ ગ્રાહકોને ઉંચી કિંમતે પાન, પડીકી,ગુટકા કે અન્ય વસ્તુઓ આપી ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે. હાલ કોઈપણ પ્રકારના રાજય સરકાર દ્વારા ગુજરાતના ૩૬ શહેરો સિવાયના કોઈપણ વિસ્તારમાં લોકડાઉનની આશંકા બતાવવામાં આવી નથી.તો આવા નફાખોર અને ઉઘાડી લુંટ ચલાવતા વેપારીઓ પર સરકારીતંત્ર કયારે નિયંત્રણ લાવશે તે જોવાનું રહ્યું.આમ પ્રજાએ આવી ઉઘાડી લૂંટ ચલાવતા વેપારીઓથી સાવધાન રહેવાની જરૂર છે.ના કોઇ ઉત્પાદકો દ્વારા કોઈપણ પ્રકારનો ભાવ વધારો કરાયો નથી.ઘોઘંબા તાલુકામાં અગાઉ પણ લોકડાઉન સમયમાં ૧૨૫ રૂપિયાના ગુટકાના પેકેટના ૯૦૦ થી ૧૨૦૦ રૂપિયા સુધી પહોંચ્યા હતા.તેમજ જમાખોર વેપારીઓએ આવા કપરા સમયમાં આવી ઉઘાડી લૂંટ ચલાવી માન્યતાને નેવે મુકીને ગુટકાના સેવન કરનારના ખિસ્સાને કાતરી નાંખવાનું કામ કરી રહ્યા છે અને તેનાથી તેઓને સંતોષ ન મળતા હવે બજારો બંધ થવાના છે. તેવી અફવા ફેલાવી લોકો પાસેથી ઉઘાડી લૂંટ ચલાવી છે. તંત્ર દ્વારા આવા લુંટારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરાય તેવી લોકો દ્વારા માંગ ઉઠવા પામી છે.

## શહેરા રેફરલ હોસ્પિટલમાં એમ.ડી. ફીઝીશીયન તબીબની નિમણૂંક કરાઈ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરામાં કોરોનાના કહેર વચ્ચે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ પ્રજાજનોના મદદે આવ્યા છે. તાલુકાની મુખ્ય રેફરલ હોસ્પિટલ ખાતે આવેલ કોવિડ કેર સેન્ટર ખાતે નવીન ૨ વેન્ટિલેટર મશીન અને ૬ બાયપેપ મશીન તેઓ દ્વારા આપવામાં આવ્યા છે. સાથે સરકારી રેફરલ હોસ્પિટલમાં એમ.ડી. ફિઝિશિયન ડોકટરની તેઓ દ્વારા નિમણુંક કરવામાં આવતા કોરોના દર્દીઓ માટે આશીર્વાદ સમાન બની રહેશે.

શહેરા નગર અને તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં કોરોનાનો કહેર વધતા અનેક કોરોના દર્દીઓ મોતને ભેટી રહયા છે. કોરોના દર્દીઓને સારવાર અર્થે ગોધરા કે વડોદરા સુધી જવું પડતુ હોય છે. તાલુકાની મુખ્ય રેફરલ હોસ્પિટલ ખાતે આવેલ કોવિડ કેર સેન્ટરમાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ એ કોરોના દર્દીઓ માટે લાખો રુપિયાના ખર્ચે ખરીદવામાં આવેલા નવીન બે વેન્ટિલેટર મશીન તેમજ ૬ બાયપેપ મશીન આપવામાં આવ્યા હતા. કોરોનાની મહામારી દરમિયાન પોતાના મતવિસ્તારની જનતાના આરોગ્યની સતત ચિંતા રાખનારા એવા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ દ્વારા જનતાના આરોગ્ય ના હિત માટે પોતાના ખર્ચે રેફરલ હોસ્પિટલ ખાતે એમ. ડી. ફિઝિશિયન ડોક્ટર ઉત્સવ ચોકસીની તાત્કાલિક કોરોના ના દર્દીઓની સારવાર માટે નિમણુંક કરવામાં આવ્યા છે. સાથે કોરોના દર્દીઓ માટે નિશુલ્ક ભોજન ની વ્યવસ્થા પણ તેઓ દ્વારા કરવામાં આવી હતી.

સરકારી રેફરલ હોસ્પિટલમાં હાલની પરિસ્થિતિ ને જોતા સરકાર દ્વારા વેન્ટિલેટર મશીન જેવી સુવિધા ઉપલબ્ધ કરવાની હોય એની જગ્યાએ પ્રજાજનોના હિત માટે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ એ વધુ એક વખત કોરોનાના કાળા કહેર મા લાખો રૂપિયાના ખર્ચે વેન્ટિલેટર મશીન, બાયપેપ, ઓક્સિજન સહિત નિશુલ્ક ભોજનની સુવિધા કોરોના ના દર્દીઓ ને આપવામાં આવી છે. જયારે આરોગ્ય અધિકારી ડો.ભરતભાઈ ગઢવી એ. હાલની પરિસ્થિતિમાં વેન્ટિલેટર અને બાયપેપ મશીન જેવી સુવિધા રેફરલ હોસ્પિટલમાં આવેલા કોવિડ કેર સેન્ટર ખાતે ઉપલબ્ધ થતા તાલુકા તેમજ બહારથી આવતા કોરોના દર્દીઓ માટે આશીર્વાદ રૂપ બનશે અને દર્દીઓ ને વધુ મા વધુ સુવિધા અહી મળી રહશે તેમ છે.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

જામનગરના હાપા થી રેલ મારફતે ત્રણ ટેન્ડર ઓકસીજન જથ્થા સાથે સ્પેશ્યલ ટ્રેન કોટા તરફ રવાના કરાઈ હતી. મોડી રાત્રે ગોધરા રેલ્વે સ્ટેશન થી ઓકસીજન એકસપ્રેસ સ્પેશ્યલ ટ્રેન ટેકનિકલ સ્ટાફ, રેલ્વે સુરક્ષા કર્મીઓ સાથે પસાર થઈ તે તસ્વીરમાં દ્રશ્યમાન થાય છે.